Baxter International Foundation

*ગ્લોબલ સ્કોલરશિપ પ્રોગ્રામ*

# વારંવાર પૂછાતા પ્રશ્નો

*જો કર્મચારી માતા-પિતા મર્જર અથવા એક્વિઝિશન દ્વારા બેક્સટરમાં જોડાયા હોય, તો કૃપા કરીને તમારા બાળક અરજદારને અરજીમાં માતા-પિતાની મૂળ કંપની સાથે તેમની ભરતીની તારીખ રૂપે મૂળ ભરતીની તારીખ દાખલ કરવા કહો, તેમની બેક્સટરની શરૂઆતની તારીખ/મર્જર કે એક્વિઝિશનની તારીખ નહીં.*

## પાત્રતા

### શું હાઈસ્કૂલના સિનિયર વિદ્યાર્થીઓ સ્કોલરશિપના આ પ્રોગ્રામ માટે અરજી કરી શકે છે? જો તેમ હોય, તો શું તેમણે કોઈ દસ્તાવેજો પૂરા પાડવા જરૂરી છે?

હા, હાઈસ્કૂલના સિનિયર વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે. દરેક અરજદારને જોડાણ વિભાગમાં દસ્તાવેજો [ગ્રેડ ટ્રાંસ્ક્રિપ્ટ્સ, GCSE અને/અથવા A-સ્તરના પરિણામો, વિગેરે] અપલોડ કરવાનું કહેવામાં આવે છે. યુ.એસ.એ.ની બહારની કેટલીક શાળાઓ GPA સિવાયના અન્ય કોઈ વિકલ્પનો ઉપયોગ કરી શકે છે. તે સારું અને સ્વીકાર્ય છે. '4.00 સ્કેલ પર સંચિત GPA' ફીલ્ડમાં, પ્લેસહોલ્ડર તરીકે ફક્ત 4.00 દાખલ કરો અને જોડાણ વિભાગમાં ગ્રેડ અને ટ્રાન્સક્રિપ્ટ અપલોડ કરો. સમીક્ષા પ્રક્રિયા દરમિયાન, સ્કોલરશિપ અમેરિકા જરૂરિયાત અનુસાર GPA ને સમાયોજિત કરશે.

### મારા બાળકે હજુ સુધી ફૉલ માટે કૉલેજ/યુનિવર્સિટી પસંદ કરી નથી. તેમ છતાં શું તેઓ આ સ્કોલરશિપ માટે અરજી કરી શકે છે?

જો વિદ્યાર્થી અરજી કરે ત્યાં સુધીમાં તેમણે શાળા/યુનિવર્સિટી અંગે નિર્ણય લીધો ન હોય તો તેમાં કોઇ સમસ્યા નથી. શાળા પસંદ કરવા માટે ઓનલાઈન અરજીમાં એક ફિલ્ડ એવું છે જે અનિર્ણિત છે. સ્કોલરશિપ અમેરિકા નવા સ્કોલરશિપ પ્રાપ્તકર્તાઓ તરીકે ટોચના 25% અરજદારોની સમીક્ષા કરે છે અને તેમને પસંદ કરે છે, ત્યાર પછી આ પ્રક્રિયામાં આગળ (કદાચ મે અને જુલાઇ વચ્ચે) વિદ્યાર્થીને માધ્યમિક પછીના શિક્ષણ માટે પસંદ કરેલી શાળાની વિગતો આપવા માટે કહેવામાં આવી શકે છે.

### હું બેક્સટરમાં કર્મચારી છું અને હાલમાં અંડરગ્રેજ્યુએટ સ્કૂલમાં જાઉં છું. શું હું આ સ્કોલરશિપ પ્રોગ્રામ માટે અરજી કરી શકું?

કર્મચારીઓ આ સ્કોલરશિપ માટે અરજી કરવા માટે અપાત્ર છે. અમે ભલામણ કરીએ છીએ કે તમારા રોજગારના દેશમાં કોઈ ટ્યુશન રિઇમ્બર્સમેન્ટ પ્રોગ્રામ ઓફર કરવામાં આવે છે કે કેમ તે નિર્ધારિત કરવા માટે તમે તમારા મેનેજર અથવા એચ.આર. બિઝનેસ પાર્ટનરનો સંપર્ક કરો.

### મને બેક્સટર દ્વારા નોકરી આપવામાં આવી છે. મારા બાળક (વિદ્યાર્થી અરજદાર)ને પણ બેક્સટર દ્વારા નોકરી આપવામાં આવી છે. શું મારું બાળક આ સ્કોલરશિપ માટે અરજી કરવાને પાત્ર છે?

આ પ્રોગ્રામ કર્મચારી-સંબંધિત પ્રોગ્રામ હોવાને અને કંપની ફાઉન્ડેશન (બેક્સટર ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન) દ્વારા ભંડોળ પૂરું પડાયું હોવાને/પ્રાયોજિત હોવાને કારણે, તેમાં એવી IRS માર્ગદર્શિકાઓ છે જેને પસંદગીની પ્રક્રિયા

દરમિયાન અનુસરવી જરૂરી છે. કર્મચારીઓએ કર્મચારીઓના બાળકો સંબંધી ચોક્કસ જરૂરિયાતો પૂરી કરવી જરૂરી છે.

બેક્સટરનો પ્રોગ્રામ કર્મચારીઓના બાળકો પ્રત્યે લક્ષિત છે અને સૂચિબદ્ધ માર્ગદર્શિકાઓ કર્મચારીઓને સ્કોલરશિપ માટે અરજી કરવા માટે પાત્રતાની મંજૂરી આપતી નથી. તેથી, બાળક બેક્સટર માટે પૂરો સમય કામ કરતું હોવાને કારણે, તે/તેણી સ્કોલરશિપ માટે અરજી કરવા માટે અપાત્ર છે.

### એક કર્મચારી તરીકે, બેક્સટર સાથેની મારી બે વર્ષની વર્ષગાંઠ અરજીની અંતિમ તારીખ પછી તુરત જ છે અને તે પહેલા હું કોન્ટ્રાકટર/અનિશ્ચિત કામદાર હતો. શું મારા બાળકને અરજી કરવા દેવા મારા રોજગારનો સમય પૂરો કરી શકાય?

સ્કોલરશિપ અરજીની અંતિમ તારીખ સુધી કર્મચારીએ પૂરા બે વર્ષ માટે ક્યાં તો ફુલ-ટાઇમ અથવા પાર્ટ-ટાઇમ કર્મચારી (કોન્ટ્રાક્ટર અથવા અનિશ્ચિત કામગાર નહીં) હોવું જરૂરી છે. અરજીનો સમય સમાપ્ત થયા પછી, સ્કોલરશિપ અમેરિકા તમામ અરજીઓની સમીક્ષા કરે છે અને પાત્રતા ધરાવતા માત્ર ટોચના 25% અરજદારોને પસંદ કરે છે. ત્યારબાદ બેક્સટરના માનવ સંસાધનો પાત્રતાની ખાતરી કરવા માટે નવા પસંદ કરેલા અરજદારોની ચકાસણી કરે છે. તમારું બાળક આગામી વર્ષ સુધી સ્કોલરશિપ માટે અરજી કરવા માટે પાત્રતા ધરાવશે નહીં.

### પાત્રતાની શરત: *કર્મચારી યુનાઇટેડ સ્ટેટ્સ અથવા બેક્સટરની આંતરરાષ્ટ્રીય પેટા કંપનીઓમાંથી એકમાં નોકરી કરતા હોવા જોઇએ અથવા યુનાઇટેડ સ્ટેટ્સના નાગરિક હોવા જોઇએ જેમને બેક્સટરની વિદેશી પેટાકંપનીમાં નિયુક્ત કરવામાં આવ્યા હોવા જોઇએ.* શું તુર્કીના નાગરિકો પાત્રતા ધરાવે છે?

આ સ્કોલરશિપ પ્રોગ્રામ બેક્સટર અથવા હિલરોમ (અથવા તાજેતરના એક્વિઝિશન) દ્વારા રોજગાર મેળવતા દરેક દેશના તમામ બેક્સટર સાથીદારોના બાળકો માટે અરજીની અંતિમ તારીખ (સામાન્ય રીતે, તે માર્ચનો મધ્ય સમય હોય છે) સુધીમાં ઓછામાં ઓછા સતત બે વર્ષ માટે ઉપલબ્ધ છે. પાત્રતા સંબંધી બાકીના માપદંડો પૂરા કરવાનું ધારીએ તો, તુર્કીના કર્મચારીઓના બાળકો સંપૂર્ણપણે પાત્રતા ધરાવે છે.

## <u>**અરજી**</u>

### આ સ્કોલરશિપ માટે મારું બાળક કેવી રીતે અરજી કરશે?

આ સ્કોલરશિપ પ્રોગ્રામનું સંચાલન સ્કોલરશિપ અમેરિકા ઇન્ક દ્વારા કરવામાં આવે છે. અરજી પ્રક્રિયા શરૂ કરવા માટે આ લિંક પર ક્લિક કરો: https://learnmore.scholarsapply.org/thebaxterfoundation/
તે લેન્ડિંગ પેજ પર 19 ભાષાઓમાં પ્રોગ્રામ માર્ગદર્શિકા ઉપલબ્ધ છે.

### અરજી કેવી રીતે સબમિટ કરવી તે અંગે કોઇ સંદર્ભ માર્ગદર્શિકા છે?

સ્કોલરશિપ અમેરિકા પાસે  હબની અને કેવી રીતે નોંધણી કરવી તેની માહિતી આપતો YouTube વિડિયોછે. અરજી કેવી રીતે સબમિટ કરવી તે અંગે કોઇ ચોક્કસ સંદર્ભ માર્ગદર્શિકા નથી. જો કે, તમે આ લિંકને અનુસરી શકો છો:

- લેન્ડિંગ પેજ પર ગયા પછી, પેજના તળિયે "હમણાં જ અરજી કરો" પર ક્લિક કરો. વિદ્યાર્થીએ એક એકાઉન્ટ બનાવવાનું રહેશે અને જો તેઓ આ વેબસાઇટને પહેલી વખત એક્સેસ કરી રહ્યા હોય તો, "અહીં પ્રથમ વખત છો?" હેઠળ "હું વિદ્યાર્થી છું" પર ક્લિક કરવાનું રહેશે.
- તમે શરૂ કર્યા બાદ, આ એપ્લિકેશન લિંકમાં તબક્કાવાર સૂચનાઓ આપેલ છે. આ એપ્લિકેશનની સીધી લિંક નીચે મુજબ છે: https://www.scholarsapply.org/thebaxterfoundation. એપ્લિકેશન પ્રક્રિયા દરમિયાન કોઈપણ પ્રશ્નો સ્કોલરશિપ અમેરિકાનેનિર્દેશિત કરી શકાય છે.

### ઓનલાઈન અરજીના દસ્તાવેજ વિભાગમાં તે છેલ્લા ચાર વર્ષની ટ્રાંસ્ક્રિપ્ટ્સ માંગે છે. શું બિનસત્તાવાર ટ્રાન્સક્રિપ્ટ અપલોડ કરી શકાય છે?

બિનસત્તાવાર ટ્રાન્સક્રિપ્ટ સ્વીકાર્ય છે. માન્ય ટ્રાન્સક્રિપ્ટમાં વિદ્યાર્થીનું નામ, શાળાનું નામ, સંચિત GPA અને દરેક કોર્સ માટે મેળવેલ ગ્રેડ અને ક્રેડિટ્સનો સમાવેશ થવો જોઈએ, જેને દરેક કોર્સ લેવામાં આવ્યો હોય તે ટર્મ (અથવા હાઈ સ્કૂલ માટેના ગ્રેડ) દ્વારા વિભાજિત કરવામાં આવ્યો હોય.

### મારું બાળક હાલમાં સામુદાયિક કોલેજમાં પાર્ટ-ટાઇમ છે અને આગામી સેમેસ્ટરમાં યુનિવર્સિટીમાં ટ્રાન્સફર થશે. શું તે/તેણી/તેમને હજુ પણ ફુલ-ટાઇમનો વિદ્યાર્થી ગણી શકાય અને બેક્સટરની સ્કોલરશિપ માટે અરજી કરી શકાય?

સ્કોલરશિપ આગામી શાળા વર્ષ માટે છે અને પાત્રતાની જરૂરિયાતો જણાવે છે કે વિદ્યાર્થી ફુલ-ટાઇમના અભ્યાસમાં હોવો જોઈએ અથવા જતો હોવો જોઈએ. જો તમારું બાળક કોલેજ/યુનિવર્સિટીમાં ફૉલ દરમિયાન માત્ર પાર્ટ-ટાઇમ વિદ્યાર્થી હશે, તો તે/તેણી/તેઓ આ સ્કોલરશિપ માટે પાત્ર નહીં બને. અરજદારો તેમની અરજી સબમિટ કરતી વખતે ફુલ-ટાઇમના વિદ્યાર્થીઓ હોવા જરૂરી નથી. જો કે, પાત્રતા મેળવવા માટે બાળકે ફૉલમાં ફુલ-ટાઇમના વિદ્યાર્થી બનવાનું આયોજન કરવું જરૂરી છે.

### મારા બાળકને હબની અંદર સ્કોલરશિપ ટેબ પર બેક્સટર ગ્લોબલ સ્કોલરશિપ પ્રોગ્રામ દેખાતો નથી. આપણે બેક્સટર પ્રોગ્રામ કેવી રીતે શોધી શકીએ?

જ્યાં સુધી તે પ્રગતિ હેઠળ ન હોય અથવા તો તેને પહેલાથી જ સબમિટ કરવામાં આવેલ ન હોય, ત્યાં સુધી એપ્લિકેશન ડેશબોર્ડ પર દેખાશે નહીં. જો બેક્સટર ગ્લોબલ સ્કોલરશિપ પ્રોગ્રામ સ્કોલરશિપ ટૅબ પર દેખાય નહીં, તો કૃપા કરીને thebaxterfoundation@scholarshipamerica.orgપર સીધો સ્કોલરશિપ અમેરિકાને ઇમેઇલ કરો. તેઓ મુશ્કેલી નિવારણમાં મદદ કરી શકે છે. એ વિદ્યાર્થીની પ્રોફાઇલમાં કંઈક એવું હોઈ શકે છે જે તેમને બેક્સટરના સ્કોલરશિપ પ્રોગ્રામ સાથે મેળ ખાતા અટકાવતું હોય. તમારું બાળક/વિદ્યાર્થી તેમનું એકાઉન્ટ બનાવ્યાપછીવધુ જાણો પેજ (https://learnmore.scholarsapply.org/thebaxterfoundation/) પર પાછા ફરવાનો પણ પ્રયાસ કરી શકે છે .

### સ્કોલરશિપ અમેરિકા હબ પર આપણે વધારાના સ્કોલરશિપ પ્રોગ્રામો જોઈએ છીએ. શું મારું બાળક તેના માટે અરજી કરી શકે છે?

હા, ઘણીવાર વિદ્યાર્થીઓ સ્કોલરશિપ ટેબમાં અન્ય સંભવિત સ્કોલરશિપ પ્રોગ્રામો જોશે. તેઓ ચોક્કસપણે તે પ્રોગ્રામો માટે પણ અરજી કરી શકે છે, જો તેઓ પાત્રતાની જરૂરિયાતોને પૂરી કરે તો. વિદ્યાર્થી જોઈ શકે છે, *"તમારી પ્રોફાઇલની માહિતીના આધારે, તમે નીચેની સ્કોલરશિપ(ઓ) માટે પાત્રતા ધરાવતા હોઈ શકો છો. અરજી કરતા પહેલા તમે તમામ પાત્રતાની જરૂરિયાતોને પૂર્ણ કરો છો કે કેમ તે જાણવા માટે, દરેક સ્કોલરશિપ માટે "વધુ જાણો" પર ક્લિક કરો.*

## **રિન્યુઅલ સ્કોલરશિપ**

### વિદ્યાર્થીના માતા-પિતા હવે બેક્સટર માટે નોકરી કરતા નથી. શું વિદ્યાર્થી તેમની સ્કોલરશિપનું રિન્યુઅલ કરવાને પાત્ર છે?

હા, તે બાળકો તેમની સ્કોલરશિપનું રિન્યુઅલ કરવાને પાત્ર છે, પછી ભલે તેમના માતા-પિતા હવે બેક્સટર માટે નોકરી કરતા ન હોય. એકવાર વિદ્યાર્થી સ્કોલરશિપ પ્રાપ્તકર્તા બની ગયા પછી, તેને આગળ જતા 'રિન્યુઅલ' ગણવામાં આવે છે અને તેઓ વધુ ત્રણ વખત અથવા તેઓ સ્નાતક થાય ત્યાં સુધી જે પણ પહેલા ઘટે ત્યાં સુધી તેમની સ્કોલરશિપનું રિન્યુઅલ કરી શકે છે . આંતરિક મહેસૂલ સેવા કોર્પોરેટ ફાઉન્ડેશન સ્કોલરશિપ પ્રોગ્રામોનું નિયમન કરે છે, જેમણે દર્શાવ્યું છે કે કોર્પોરેશન વર્તમાન રિન્યુઅલ સ્કોલરશિપ પ્રાપ્તકર્તાને નકારી શકે નહીં કારણ

કે કર્મચારી માતાપિતા હવે તે કોર્પોરેશન માટે કાર્યરત નથી. તેથી, નવા અરજદારો માટે, કટઓફ તારીખ એ એપ્લિકેશન વિન્ડોનો છેલ્લો દિવસ હોય છે; સામાન્ય રીતે, આ તારીખ માર્ચના મધ્યમાં હોય છે. ઉદાહરણ તરીકે, 2023માં, બેક્સટરમાં કામ કરતા માતાપિતા અરજી વિન્ડો બંધ થવાની તારીખે એટલે કે 16 માર્ચ, 2023 ના રોજ બે વર્ષ સુધી બેક્સટરના કર્મચારી હોવા જોઈએ.

સંદર્ભ તરીકે IRS નિયમોની લિંક્સ નીચે આપેલ છે: Rev. Proc. 76-47, 1976-2 C.B. 670 (Rev. Proc. દ્વારા સંશોધિત. 85-51)

- https://www.irs.gov/pub/irs-tege/rp76_47.pdf
- https://www.irs.gov/pub/irs-tege/rp85_51.pdf

### મારા બાળકને ગયા વર્ષે બેક્સટર ગ્લોબલ સ્કોલરશિપ મળી હતી અને તે આ વર્ષ માટે સ્કોલરશિપ રિન્યુ કરવા માટે તૈયાર છે. મારું બાળક તેમની સ્કોલરશિપનું રિન્યુઅલ કેવી રીતે કરે છે?

તમામ રિન્યુઅલ પ્રાપ્તકર્તાઓને એપ્રિલ સુધીમાં સ્કોલરશિપ અમેરિકા તરફથી એક ઇમેઇલ પ્રાપ્ત થશે. જંક મેઇલ ફોલ્ડર્સ તપાસો. જો તમારા બાળકનું ઇમેઇલ એડ્રેસ મૂળ એપ્લિકેશન પછી બદલાઇ ગયું હોય, તો કૃપા કરીને તુરત જ thebaxterfoundation@scholarshipamerica.orgપર સ્કોલરશિપ અમેરિકાનો સંપર્ક કરો અને વિદ્યાર્થી માટે વર્તમાન ઇમેઇલ એડ્રેસ આપો. આ ઇમેઇલ સૂચના વિદ્યાર્થીએ તેમની સ્કોલરશિપનું રિન્યુઅલ કરવા માટે જરૂરી હોય તે પગલાંઓની માહિતી પૂરી પાડે છે.

## **એવોર્ડ**

### જો કોઈ વ્યક્તિ અરજી કરે અને તે યુનાઇટેડ કિંગડમમાં હોય, તો શું તે યુકે £ માટે પ્રો-રેટેડ $3,000 USD (US ડૉલર) મેળવે છે અને ત્યારબાદ તેનો યુકેમાં શિક્ષણ લેવા માટે ઉપયોગ કરે છે?

કેનેડા અને યુ.એસ. (યુ.એસ. પ્રદેશો સહિત) ની બહારસ્થિતવિદ્યાર્થીઓ  નક્કી કરી શકે છે કે તેઓ નીચેના દેશો સિવાય, USD અથવા સ્થાનિક ચલણમાં એવોર્ડ મેળવવા માંગે છે કે કેમ. આ દેશોને માત્ર USD માં એવોર્ડ ફંડ વાયર કરવામાં આવે છે:

ANGOLA
ARGENTINA
ARMENIA
AZERBAIJAN
BANGLADESH
BELARUS
BERMUDA
BHUTAN
BOSNIA
BRAZIL
BURUNDI
CAPE VERDE
CHILE
CHINA
COLOMBIA
COMOROS
COSTA RICA
DJIBOUTI
DOMINICA
ERITREA
GAMBIA
GEORGIA
GUATEMALA
GUINEA
HONDURAS
INDONESIA
JAMAICA
KENYA
KOREA
LAO PEOPLE'S DEMOCRATIC REPUBLIC
LESOTHO
LIBYAN ARAB JAMAHIRIYA
MACAU
MACEDONIA
MADAGASCAR
MALAWI
MALAYSIA
MAURITANIA
MAURITIUS
REPUBLIC OF MOLDOVA
MONGOLIA
MOZAMBIQUE
NEPAL
NICARAGUA
PAKISTAN
PARAGUAY
PERU
ROMANIA
RUSSIA
RUSSIAN FED
RWANDA
SEYCHELLES
SIERRA LEONE
SOUTH KOREA
SURINAME
TAIWAN
THE NETHERLANDS
UKRAINE
UZBEKISTAN
VENEZUELA
VIETNAM
WALLIS AND FUTUNA ISLANDS
WEST INDIES

### મારું બાળક બે અઠવાડિયામાં કોલેજ/યુનિવર્સિટી માટે રવાના થાય છે. અમે આ વર્ષના સ્કોલરશિપ પ્રાપ્તકર્તાઓ વિશે કંઈ સાંભળ્યું નથી. શું તમે જાણો છો કે એવોર્ડની જાહેરાત ક્યારે થશે?

આ પ્રોગ્રામનું સંચાલન તૃતીય પક્ષ, સ્કોલરશિપ અમેરિકા (SAI) દ્વારા કરવામાં આવે છે. જૂનના અંત સુધીમાં, તમારા બાળકને SAI તરફથી એક ઇમેઇલ (તેમની અરજીમાં આપેલા ઇમેઇલ એડ્રેસ પર) પ્રાપ્ત થશે. કૃપા કરીને તમારા બાળકને તે ઇમેઇલની સમીક્ષા કરવાનું કહો કારણ કે તે આગળના પગલાંની યાદી આપે છે જે તેમણે લેવા જરૂરી છે. જો તમારા બાળકે એવું ઇમેઇલ એડ્રેસ પૂરું પાડ્યું હોય જે હવે ઉપયોગમાં ન હોય, તો કૃપા કરીને તરત જ thebaxterfoundation@scholarshipamerica.orgપર સ્કોલરશિપ અમેરિકાનો સંપર્ક કરો અને તમારા બાળક/વિદ્યાર્થીનું વર્તમાન ઇમેઇલ એડ્રેસ આપો.

## એવોર્ડનું વિતરણ કેવી રીતે કરવામાં આવે છે?
સ્કોલરશિપ અમેરિકા (SAI) બેક્સટર ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન વતી સ્કોલરશિપ સંબંધી ચુકવણીની પ્રક્રિયા કરે છે. યુ.એસ., કેનેડા અને પ્યુઅર્ટો રિકોના વિદ્યાર્થીઓ માટે, સ્કોલરશિપ અમેરિકા ચેક દ્વારા એવોર્ડનું વિતરણ કરે છે, જે શાળાને ચૂકવવાપાત્ર છે અને દરેક પ્રાપ્તકર્તાના ઘરના એડ્રેસ પર મેઇલ કરવામાં આવે છે. એકવાર નોંધણીનો પુરાવો અને SAI દ્વારા વાયર ફોર્મ પ્રાપ્ત થઈ જાય તે પછી તમામ આંતરરાષ્ટ્રીય સ્કોલરશિપ પ્રાપ્તકર્તાઓને એવોર્ડ આપવામાં આવે છે.

## આ સ્કોલરશિપ કયા ખર્ચ માટે વાપરી શકાય છે?
આ સ્કોલરશિપ અંડરગ્રેજ્યુએટ અભ્યાસ માટે છે અને તેનો ઉપયોગ માત્ર લાયક શિક્ષણ-સંબંધિત ખર્ચ (ટ્યુશન, ફી, પુસ્તકો અને જરૂરી પુરવઠા) માટે થઈ શકે છે.

## વિલંબન શું હોય છે?
વિલંબન એક એવી બાબત હોય છે જેમાં વિદ્યાર્થી શિક્ષણ મુલતવી રાખવા, શાળામાંથી રજા લે છે અને પાછા ફરતી વખતે તેમની સ્કોલરશિપની પાત્રતાને જાળવી રાખે છે. સ્કોલરશિપ પ્રાપ્તકર્તા દીઠ એક વિલંબન કરવાની મંજૂરી છે અને વિલંબનની લંબાઈ બે વર્ષથી વધુ ન હોઈ શકે.

**હજી કોઇ એવા પ્રશ્નો છે જેને ઉપરોક્ત વારંવાર પૂછાતા પ્રશ્નોમાં સંબોધવામાં આવ્યા ન હોય?** કૃપા કરીને તમારા પ્રશ્નો andrea_cherubini@baxter.comપર ઇમેઇલ કરો.

જો વિદ્યાર્થીને અરજી વિશે પ્રશ્નો હોય, તો કૃપા કરીને સ્કોલરશિપ અમેરિકાને સીધા thebaxterfoundation@scholarshipamerica.org અને +01-507-931-8370 પર ઇમેઇલ કરો અથવા કૉલ કરો અને બેક્સટર ગ્લોબલ સ્કોલરશિપ પ્રોગ્રામ માટે પૂછો.